**આંક–૮**

## શ્રીમતી રઝિયા સલીમખાન પઠાણ, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત,
## અમદાવાદ સમક્ષ.

**રેફરન્સ (આઈ.સી.) નં.૧૭/૨૦૨૨**

**પ્રથમ પક્ષકાર :** **મંત્રીશ્રી, અખિલ ગુજરાત કોટન મઝદુર સંઘ,**
ઠે.બીજો માળ, અરબ ચેમ્બર્સ,
પથ્થર કુવા પેટ્રોલ પંપની સામે,
રીલીફ રોડ, અમદાવાદ.

**વિરૂધ્ધ,**

**બીજા પક્ષકાર :** **મે.મેનેજરશ્રી / ડાયરેકટરશ્રી,**
**યુનિક ટેગ્સ પ્રા.લી.,**
ઠે.પ્લોટ નં.૪ અને ૫, પંચરત્ન ઈન્ડ. એસ્ટેટ,
સરખેજ બાવળા રોડ, તા.સાણંદ, જી.અમદાવાદ.

**<u>હાજર રહયા:–</u>**

પ્રથમ પક્ષકાર તરફે : યુનિ.પ્રતિનિધિશ્રી એમ.એચ.સંઘરીયાત.
બીજા પક્ષકાર તરફે : વિધ્વાન વકીલશ્રી વી.એસ.પાટીલ.

**–:: એ વો ર્ડ ::–**

**૧.** આ કામના પ્રથમ પક્ષકાર યુનીયને હાલનો આ રેફરન્સ (આઈ.સી) મુંબઈ ઔધોગિક સંબંધક ધારો,૧૯૪૬ ની જોગવાઈ અનુસાર દાખલ કરેલ છે. પ્રથમ પક્ષકાર યુનિયને મુંબઈ ઔધોગિક સંબંધક ધારો,૧૯૪૬ ના અમદાવાદના સમાધાન અધિકારીનો નિષ્ફળતાનો અહેવાલ તા.૬–૧૦–૨૦૨૨ નો રજુ કરેલ છે. જેમાં તેમણે સામાવાળા કંપનીમાં કામ કરતા જણાવ્યા મુજબના કામદારો માટેની કલમ–૫૪(૧) તથા રુલ્સ–૬૨ મુજબ વિવિધ માંગણીઓ સંદર્ભે નોટીસ આપી મુકવામાં આવેલ વિવિધ માંગણીઓ અંગેની તકરારનો ઉલ્લેખ કરેલ છે.

૨. પ્રથમ પક્ષકાર યુનિયનનાં પ્રતિનિધિશ્રીએ આજરોજ હાજર થઈ આંક–૬ થી સદર કેસ બોર્ડ ઉપર લેવા અંગેની પુરસીસ રજુ કરેલ છે, જે મંજુર કરવામાં આવતા, યુનિયનનાં પ્રતિનિધિશ્રી આજરોજ લોક અદાલતમાં આંક–૭ થી પુરસીસ રજુ કરી કામદારોના અન્ય હકકો અને માંગણીઓ સંબંધી કેસોને બાધ આવ્યા સિવાય સદર કેસ તેઓ આજરોજ પરત ખેંચે છે. જેથી કામદારના અન્ય હકકો કે કેસને બાધ આવ્યા સિવાય સદર કેસ પરત ખેંચવાની પરવાનગી આપવા અરજ કરેલ, પ્રથમ પક્ષકારને સદર રેફરન્સ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. સદર કામે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

(૧) પ્રથમ પક્ષકારની આંક–૭ ની પુરસીસ અન્વયે પ્રથમ પક્ષકારને તેમની માંગણી મુજબ સદર રેફરન્સ પરત ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને તે રીતે રેફરન્સ (આઈ.સી) નં.૧૭/૨૦૨૨ ફેંસલ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

અમદાવાદ.
તા.૧૪–૧૨–૨૦૨૪

**(રઝિયા સલીમખાન પઠાણ)**
**સભ્ય,**
**ઔદ્યોગિક અદાલત, કોર્ટ નં.૨,**
**અમદાવાદ**
**કોડ નં.જીજે૦૦૭૭૧**

**જે.બી.કુંજેરા, પી.એસ.**